JETIR.ORG ISSN: 2349-5162 | ESTD Year : 2014 | Monthly Issue
JOURNAL OF EMERGING TECHNOLOGIES AND INNOVATIVE RESEARCH (JETIR)
An International Scholarly Open Access, Peer-reviewed, Refereed Journal

# નારી જીવનનો સંઘર્ષ એટલે 'સારા દિ'

નિરાલી દલપતભાઈ પરમાર
( B.A,M.A, NET,GSET )
પ્રજાપતિ પાર્ક ,રતનપર, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર

સંઘર્ભ સૂચિ :

મહોતું - રામ મોરી

મધ્યકાલીન – અર્વાચીન સાહિત્યસ્વરૂપો – ડો. ભરતકુમાર ઠાકર

પાશ્ચાત્ય ટૂંકી વાર્તા – શ્રીમતી ઇલાબેન પાઠક

**Abstract :** 'સારા દિ' વાર્તામાં લેખકે સ્ત્રીની પરિવારિક સમસ્યા, વિટંબણા, મુશ્કેલી, શારીરિક તેમજ માનસિક સંઘર્ષ રજૂ કર્યો છે. 'સારા દિ' શીર્ષક વાંચતાં અભિદા દ્વારા જે અર્થ મળે છે તે નહીં પરંતુ આખી વાર્તામાંથી પસાર થતાં વ્યંગયાર્થ જે મળે છે તેમાં સ્ત્રીની ઉપરોક્ત બાબતો સમજાય છે તે આ વાર્તામાં રજૂ થઈ છે.

**Key words :** ટૂંકીવાર્તા, સારા દિ, સ્ત્રીની પરિવારિક સમસ્યા, માનસિક સંઘર્ષ, વિટંબણા.

ગુજરાતી સાહિત્યમાં ટૂંકી વાર્તાનું ખેડાણ 19મી સદીથી આરંભાયુ. આપણને ગુજરાતી ભાષામાં સૌપ્રથમ 'ગોવાલણી'વાર્તા મલયાનિલ પાસેથી મળે છે. ત્યારપછીતો ટૂંકીવાર્તામાં ઘણું ખેડાણ થયું અને આજ સુધી થતું રહ્યું છે.

ટૂંકીવાર્તા એ આધુનિક પરિવેશમાં આવતાં કેટલાયે વળાંકો લે છે. આ ટૂંકીવાર્તા સીધી ગતિએ ચાલી ચમત્કૃતિ સર્જે છે. એટલે જ ઉમાશંકર જોશી ટૂંકીવાર્તાને 'આનુભૂતિ કણ ' કહે છે. આ અનુભૂતિક્ષણમાત્રમાં હોય

છે.આથી ટૂંકીવાર્તા વિશે બ.ક. ઠાકોર કહે છે કે ‘ એક પલાથીએ,ધ્યાનના એકજ કાર્યમાં જોય લેવાય તે’ આ ટૂંકીવાર્તા ભાવકોને જકડી રાખી તેમાં રહેલા રહસ્યને ઉદ્ઘાટિત કરવા પ્રેરે છે. આથી જ ટૂંકીવાર્તા એ તેના ક્ષેત્રમાં કલાત્મકતા સાથે ચમત્કૃતિ સર્જે છે. ગુજરાતી સાહિત્યમાં ટૂંકીવાર્તામાં નારીની સંવેદનાઓને,સ્વતંત્રતાને, સંઘર્ષને તેમની માનસિક વિટંબણાઓને વાસ્તવિકરૂપે આલેખવાના સફળ પ્રયાશો સર્જકોએ કર્યા છે. તેમાના એક ટૂંકીવાર્તાના સર્જક છે રામ મોરી. તેમણે પોતાના ‘મહોતું’ વાર્તા સંગ્રહમાં નારીના જીવનના તડકા-છાયાને રજૂ કરતી વાર્તાઓ આપી છે. આ વાર્તાઓ વ્યંગ, પ્રતીકો દ્વારા નારીની વાસ્તવિક સ્થિતિને પ્રગટ કરે છે.

‘મહોતું’ વાર્તાસંગ્રહના લેખક રામ મોરીએ માત્ર 22 વર્ષની યુવાનવયે આ વાર્તાસંગ્રહ આપ્યો છે. તેમનો આ નારીવાદી વાર્તાસંગ્રહ ખરેખર નારીની સમસ્યા અને સમાજમાં નારીની સ્વતંત્રતાને દર્શાવે છે. તેમની શૈલી વાચકોને સરળતાથી સમજાય તેવી અને સચોટ છે. ગુજરાતી વાર્તાક્ષેત્રે તેમનું સ્થાન તેમને મળેલા કેટલાક પુરસ્કારો દ્વારા પ્રતીત થાય છે. તેમને સાહિત્ય અકાદમી દિલ્હી તરફથી યુવા ગૌરવ પુરસ્કાર (2017), વિધ્યાગુરુ ફાઉન્ડેશન સાવરકુંડલા દ્વારા શ્રી નાનાભાઇ હ. જેબલિયા સ્મૃતિ- સહિત્ય પુરસ્કાર (2018) અને ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી એમના ‘મહોતું’ વાર્તાસંગ્રહને શ્રેષ્ઠ પુસ્તકનું પરિતોષિક (2016) મળી ચૂક્યું છે.

નારીની સંવેદનાઓ જાણે ખુદ લેખકે અનુભવી ન હોય ! અને એજ અનુભૂતિ ‘ મહોતું ‘ વાર્તાસંગ્રહની વાર્તાઓમાંથી પસાર થયા બાદ અનુભવાય છે. બધીજ વાર્તાઓમાં વાસ્તવિકતા પ્રગટ થતી જોઈ શકાય છે. આ વાર્તાઓ નારી જગતના મન: ભાવ અને સંઘર્ષને રજૂ કરે છે.

આ વાર્તાસંગ્રહમાં ચૌદ જેટલી વાર્તાઓ છે. જેવી કે, ‘મહોતું’, ‘એકવીસમું ટિફિન’, ‘બળતરા’, ગરમાળો , ગુલમહોર અને ખખડેલું બસસ્ટોપ’, ‘થડકાર’, ‘નાથી’, ‘ઠેસ’, એ તો છે જ એવા’, ‘હવડ’, ‘વાવ’, ‘પોપડી’, ‘હલ્લોભાનુમતી’, ‘બાજુ’ વગેરે . આ બધી વાર્તાઓમાં ગ્રામ્ય અને શહેરી પરિવેશ રજૂ કરી નારીની સંવેદના, સમસ્યા અને સંઘર્ષ રજૂ કર્યા છે. એમની એક વાર્તા છે ‘સારા દિ’ જેના વિશે અહી અભ્યાસ કારવાનો ઉપક્રમ રાખ્યો છે.

‘સારા દિ’ શીર્ષક વાંચતાની સાથે જ આપણને ખ્યાલ આવે કે ‘ સારા દિ ‘ એ સ્ત્રીના ગર્ભાવસ્થાનો સમય જે ગ્રામ્ય વિસ્તારમાં બોલાતો પ્રાદેશિક શબ્દ છે. આ શીર્ષક વાંચતા વાચ્યાર્થમાં ખુશી અને આનંદ હશે એવું આપણે સમજીએ છીએ, પરંતુ વાર્તાનો વ્યંગયાર્થ સમજતા એમાં પરિવારિક સમસ્યા, ‘સારા દિ’ના સમયમાં સ્ત્રીની વિટંબણા, મુશ્કેલી, શારીરિક તેમજ માનસિક સંઘર્ષ લેખકે અત્યંત સંવેદનશીલ રજૂ કર્યો છે.

અહિ વાર્તાના આરંભમાં જ ગીતાવહુ આખા ઘરના વાળું વખતના વાસણ સાફ કરી રહી છે, અને નાની જેઠાણી વાસણ માંજી રહી છે. સાસુ અને વર જગદીશ બંને ઝઘડતા હોય છે. અહિ ગીતાનો પતિ જગદીશ કઈ કમાતો ન હોવાથી તેના સાસુ જગદીશ સાથે લપઝપ કરી રહ્યા હતા. ગીતાના પતિના વર્તન અને ઝગડાઓથી ગીતાને રડવું આવતું હતું છતાં પણ એ રડી શકી નહીં અને રડવું દબાવી દીધું.

ગીતાના મનોભાવ, પોતાનો પતિ બહારથી આવ્યો છે અને થેલીમાં પોતાના માટે શું લાવ્યો છે ! એ જોવા તત્પર બને છે. કારણ કે તેની જેઠાણીઓને આ અવસ્થા દરમિયાન તેના પોતાના પતિઓ જ્યારે નોકરીથી પરત ફરતાં ત્યારે ખાવાનું લાવતા હતા અને ગીતા ત્યારે પોતાના વિશે કઈક કલ્પનાઓ કરતી. જગદીશ પોતાના માટે કઈક લાવ્યો હશે તેની આશા સેવે છે. પરંતુ થેલીમાં માત્ર ક્રિકેટના સાધનો જોતાં તેનું મન હતાશ થાય છે. તેણે કરેલી કલ્પનાઓ બધી એળે જાય છે. જગદીશ ક્રિકેટ રમવા સિવાય કઈ કામધંધો નથી કરતો આથી ગીતાની આશા નિષ્ફળ નિવડે છે.

ઘરનું બધુ કામ પરવારી જયારે તેને શીરો ખાવાનું મન થાય છે ત્યારે વિચારે છે કે શીરો અથવા સુખડી બનાવી ટોપરું ભભરાવી ખાઉં. એ ટોપરાનો ડબ્બો ઉતારે છે અને બનાવવા જાય છે, ત્યાં જેઠ આવતા જોઈ એ બધુ મૂકીને તેનું ટિફિન સાફ કરવા જાય છે. તેના જેઠ જગદીશને ઠપકો આપે છે. કારણ કે ક્રિકેટના મેદાનમાં મારામારીમાં તેનું નામ આવે છે. જેઠ પોલીસમાં હોવાથી તેનું નામ હટાવી દેવામાં આવે છે. ગીતા બધુજ મૂંગાં મોઢે સાંભળી રહી હોય છે. જગદીશને એના ભાઈની આપેલી સલાહ આકરી લાગે છે. જેઠના વાક્ય સંભળાય છે. “ ઘેલહાઘરી નાવને કાંક ક્યો તો ગોઠતું નથ લે ……ભાયું છવી કાંઈ દુશ્મન થોડા છવી ? આ કોલ્ય હવારે છોકરાં થાહે બધી જગ્યાએ આવા તોર કરશે તો એના બૈરી- છોકરાં હું સીઝનના દડાને ટ્રોફીયું ખાહે.? “ તેની સાસુ પણ નિસાસા નાખી રહી. ગીતા કામ કરી પાછી રસોડામાં ગઈ ત્યાં ટોપરાનો ડબ્બો બિલાડીએ ઢોળી દીધો હતો. તે ગભરાહટમાં બધુ સમેટી લે છે ત્યારેજ તેની સાસુનો આવાજ સંભળાય છે. “ગીતાવોવ ….હજી હું કરો છવો ન્યા ? ને શેના ડબ્બા ખૂલે છે.? જટ ખાટલા ભેળા થાવ, કાલ્ય તમારેય કપાહ વીણવા જાવનું છે, એક દાડિયો ઓછો છે.” અહિ ઈચ્છા થાય છે પણ તે ભાવતું બનાવી નથી શકતી અને અંતે પાલવમાં ખાંડ લઈ જઈ પોતાના રૂમ પર પેટને શાંત કરવા ખાંડના દાણાને ચગળીને આંસુ વહાવતી સૂઈ જાય છે.

ગીતાના ‘સારા દિ’ સવાર પડતા જ વાસીદું અને સાસુના કહ્યા મુજબ ખેતર પર કપાસ વીણવા જવાનું વગેરે ભારે કર્યો કરતી નજરે પડે છે. ખેતરે જેઠાણીઓ સાથે કામ કરતી ગીતાને આંબલીનું ઝાડ જોઈને આંબલી ખાવાનું મન થાય છે ત્યારે એ હળવી- ભારે થઈ આવીને સાથે-સાથે આંબલી પણ ખાતી આવે છે. એમાં તેને બ્લાઉઝમાં સંતાડેલી આંબલી, ખેતરે કામ કરવા આવેલી છોકરી ગીતા સામે હસીને કહે છે, “ ગીતાભાભી ડાબે પડખે તમાર બ્લાઉઝમાંથી

આંબલી દેખાય છે હરખી સંતાડો.” આ વાક્યથી ગીતાને ભોઠપ અનુભવાય છે અને આંબલી ફેંકી, નીચે બેસીને ખૂબ રડે છે. અહિ તેની હિમત અને સહનશીલતા ભાંગી પડે છે. તે લાચાર બની જાય છે. જેઠાણી ગીતાનો રડતો અવાજ સાંભળી પેટમાં દુખતું હસે એમ માની તેને આરામ કરવા જવાનું કહે છે. ગીતા જાય છે ત્યારે પાછળથી જેઠાણીના વાક્યો સંભળાય છે, “ જેનો ધણી કાંય નો કમાય ઈ બાઈને તો ભેગા ઘરમાં આવું જ હોય ...... વરની કમાણી નહીં ત્યારેજ બાઈને આમ ડબલ મે’ નત કરવી પડ્યે ને ......” અહીં જગદીશના વાંકે ગીતાને પોતાના ‘સારા દિ’ હોવા છતાં કપરાં દિવસ બની રહે છે.

ઘરમાં પોતાના સાસુ અને જેઠાણીઓ વચ્ચે રહીને પરિવારિક મુશ્કેલી અને સમસ્યાઓ વેઠે છે. ઘરમાં મોટી જેઠાણીની ઘરથી અલગ થવાની માંગ, સાસુને પાંચ વહુઓ હોવા છતાં પણ ઘરમાં શાંતિ ન હોવી તેવી સ્થિતિને વિચારણા, સાસુ વિધવા હોવાથી ઘર પ્રત્યેની એની ચિંતા અને જગદીશની નાદાની, ન કમાવાની વૃતિ પર તેની શિખામણ,તેના બાબડાટમાં નજરે પડે છે. ગીતા વહુની સાથે – સાથે તેની જેઠાણીઓ અને સાસુની ભિન્ન ભિન્ન મુશ્કેલી, તેમના બળાપા નારીને કેન્દ્રમાં રાખી દર્શાવ્યા છે. નારીની સંવેદનાઓ, ગ્રામ્ય વિસ્તારની રૂઢીઓ જે સ્ત્રીને જકડી રાખે છે તે પણ અહીં જોવા મળે છે. ગીતાનું ઘૂંઘટમાથી ઘરમાં ચાલી રહેલી પરિસ્થિતિને નિહાળવું અને મૂંગે મોઢે સહન કરવું એ આ વાર્તામાં કરુણતા સૂચવે છે.

‘સારા દિ’ શું ખરેખર આ ‘સારા દિ’ ગીતા માટે કેટલા અંશે સારા છે ? પરિવારિક કજિયા અને પોતાના પતિની લાપરવાહી, જડતા કામ ન કરવાની વૃતિ તે અંતે ગીતાને ગર્ભાવસ્થામાં પણ કામ કરવા મજબુર કરે છે. આ પરિસ્થિતિમાં પણ તેની ઈચ્છાઓ, સંવેદનાઓ અંતમાં તો પીડા અને મુશ્કેલીમાં ક્યાંય ઓગળી જાય છે. આંસુની ધારા વહીને નીકળી જાય છે. નારીને અંતે તો પોતાની હિમત બનીને રહી જવાનું હોય છે.

લેખકે અહીં ‘સારા દિ’ શીર્ષક આપીને ગીતાની કપરી પરિસ્થિતી આલેખી વાસ્તવિક્તા રજૂ કરી છે. જે આજે પણ આવી પરિસ્થિતિમાં રહેતી નારીઓના સંઘર્ષો ઓછા નથી જોવા મળતા. ગ્રામ્ય વિસ્તાર હોય કે શહેરી, પરંતુ ભિન્ન ભિન્ન રીતે નારીને અંતે તો આ બધુ વેઠીને પણ પોતાના માટે ઝઝૂમવું પડે છે. આ વાર્તા અંતે તો ગીતાના પોતાના સ્વને નિહાળતા અને આસપાસની પરિસ્થિતિને વાસ્તવિક રીતે અને પ્રતિકાત્મક રીતે રજૂ કરી છે. જેમાં નારીનો માનસિક સંઘર્ષ કેન્દ્ર સ્થાને છે.